# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત આજે વૈશ્વિક અર્થતંત્રનું પ્રવેશદ્વાર બન્યું
2. વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા GCCI પ્રતિબદ્ધ
3. કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું, તબીબી વિજ્ઞાનના વૈશ્વિક નકશા પર સ્થાન પામીને ગુજરાત ઇતિહાસ રચશે.
4. માધવપુરમાં લગ્ન મેળો પૂર્ણ થતા ભગવાન શ્રીકૃષ્ણ રુક્ષ્મણીજી સાથે દ્વારકા પરત આવ્યા- હવે સત્કાર સમારોહ યોજાશે
5. રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીથી આંશિક રાહત મળવાની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# HM-CM-GCCI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત આજે વૈશ્વિક અર્થતંત્રનું પ્રવેશદ્વાર બન્યું છે. અમદાવાદમાં ગુજરાત વેપારી મહામંડળ GCCI ના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'ગેટ 2025'નો વર્ચ્યુઅલી શુભારંભ કરાવતા શ્રી શાહે આમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું, ટ્રેડથી ટેકનોલોજી, આઇટીથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને MSMEથી સ્ટાર્ટ અપ સુધીના દરેક ઉદ્યોગોને અનુરૂપ વાતાવરણ તથા જરૂરી સંસાધનોની ઉપલબ્ધતાના કારણે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી છે.

(બાઇટ: અમિત શાહ)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક્સ્પોની મુલાકાત લઈને વેપાર પ્રદર્શન નિહાળ્યું હતું. તેમણે જણાવ્યું કે રાજ્યમાં 'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ' સ્થાપવામાં GCCIનું મહત્વનું યોગદાન છે.

GCCIના પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું, 'વિઝન ૨૦૪૭' અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં GCCI પ્રતિબદ્ધ છે. તેમણે સંસ્થાની વ્યૂહરચનાઓ, કામગીરી અને ટ્રેડ એક્સ્પો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

સાયન્સ સિટી ખાતે યોજાયેલા આ ત્રિદિવસીય ટ્રેડ એક્સ્પોમાં  વેપાર ઉદ્યોગોમાં ઇનોવેશન, સસ્ટેનેબિલિટી અને આર્થિક વિકાસના ધ્યેયમંત્રને સાકાર કરતા વિવિધ ચર્ચાસત્રો, સંવાદો, નેટવર્કિંગ સેશન્સ સહિત ૩૦૦થી વધુ વેપાર ઉદ્યોગોને સમાવતું પ્રદર્શન યોજાશે.

. . . . . . . . . .

# HOMEOPATHY CONFERENCE

કેન્દ્રીય આયુષ રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું, તબીબી વિજ્ઞાનના વૈશ્વિક નકશા પર સ્થાન પામીને ગુજરાત ઇતિહાસ રચશે. ગાંધીનગરમાં બે દિવસીય હોમીયોપેથી કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી જાધવે જણાવ્યું કે, 'રોગ મુક્ત ભારત અભિયાન'માં હોમીયોપેથી ઉપચારને સાથે રાખીને આવનારા સમયમાં કામગીરી કરવાની રહેશે.

## (બાઇટ: પ્રતાપરાવ જાધવ, કેન્દ્રીય આયુષ મંત્રી)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, 48 હોમિયોપેથી કોલેજ સાથે શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ગુજરાત દેશના અગ્રેસર રાજ્યમાં સ્થાન પામ્યું છે. શ્રી પટેલે જણાવ્યું, જામનગરનું WHO વૈશ્વિક પરંપરાગત દવા કેન્દ્ર એ પરંપરાગત ચિકિત્સા પદ્ધતિમાં નવું સીમાચિહ્ન બનશે.

## (બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

દરમિયાન, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, દેશમાં મહારાષ્ટ્ર બાદ સૌથી વધુ 48 હોમિયોપેથી કોલેજ ગુજરાતમાં છે. હાલમાં ૪ હજાર ૩૬૦ સ્નાતક અને ૩૨૨ અનુસ્નાતકની બેઠક સાથે રાજ્યમાં હોમિયોપેથી શિક્ષણ માટેનું ઉત્તમ માળખું ઉપલબ્ધ છે. હાલમાં અંદાજે ૧૫ લાખ જેટલા દર્દીઓ હોમીઓપેથી ચિકિત્સાનો લાભ લઈ રહ્યા છે જે ગૌરવની બાબત છે.

. . . . . . . . . . . .

# MAHAAVEER JAYANTI CELEBRATION-DIST.

સમગ્ર રાજ્યમાં આજે મહાવીર જયંતિની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી. જૈન ધર્મની અનેક સેવાભાવી સંસ્થાઓએ વિવિધ કાર્યો દ્વારા પર્વની ઉજવણી કરી.

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર મધ્યે આવેલ ૧૪૦ વર્ષ પૌરાણિક શ્રી ઋષભદેવ જૈન દેરાસર ખાતે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દ્વારા વિશેષ સેવા પૂજા કરવામાં આવી. તો બીજી તરફ શહેરના જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા નાગરિકોને ગરમીમાં રાહત આપવા શહેરના ૩ સ્થળો પર ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવી.

જામનગરમાં આજે વહેલી સવારે શહેરના મુખ્ય માર્ગો ઉપરથી વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયું ઉપરાંત મહાવીર સ્વામીની નૃત્ય નાટિકા રજૂ કરાઈ.

રાજપીપલા ખાતે જૈન મન્દિરેથી પ્રભાતફેરી નીકળી હતી તેમજ બાળકો માટે ભગવાન મહાવીર ચરિત્ર નિબંદ સ્પર્ધા તેમજ નમસ્કાર મહામંત્રના જાપ યોજાયા હતા.

વલસાડ શહેરમાં પણ વિશ્વ શાંતિ અને જન કલ્યાણના ઉદેશ્ય સાથે શોભાયાત્રાનું આયોજન કરાયું જેમાં જિલ્લાના નવ જૈન સંઘોએ ભાગ લીધો હતો.

તો બોટાદ ખાતે યોજાયેલ ભવ્ય રથયાત્રામાં જૈન શ્રાવકો અને શ્રાવિકાઓ સાથે સાધુ મહારાજ સાહેબ અને સાધ્વીજી ભગવંતો, સહિત બાળકો પણ સાયકલો સાથે જોડાયા હતા.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SARDAARSINH RAANA JANMJAYANTI

ગુજરાત વિધાનસભામાં આજે સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહ રાણાની ૧૫૫મી જન્મજયંતી નિમિત્તે તેમના તૈલચિત્રને સંયુક્ત સચિવ રીટા મહેતાએ પુષ્પાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે વિધાનસભાના નાયબ સચિવ તેમજ ઉપસચિવ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આઝાદીની ચળવળ વખતે સરદાર સિંહે વર્ષ - ૧૯૦૭માં જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં સૂર્ય-ચંદ્રના નિશાનવાળો હિન્દનો પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો.

. . . . . . . . . . . . .

# DWARKA-SATKAR

પોરબંદરના માધવપુરમાં લગ્ન મેળો પૂર્ણ થતા ભગવાન શ્રીકૃષ્ણ રુક્ષ્મણીજી સાથે દ્વારકા પરત આવ્યા છે. જ્યાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા કલેક્ટર અને બાળાઓએ તેમના રથનું સ્વાગત કર્યું. હવે ભગવાન શ્રીકૃષ્ણ તેમજ રુક્ષ્મણીજીના વિવાહનો સત્કાર સમારોહ યોજાશે. દ્વારકામાં ભક્તિમય માહોલ વચ્ચે ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

. . . . . . . . . . . . .

# SURAT POISIONING

સુરતના કાપોદ્રામાં રત્નકલાકારોને ઝેરી દવાની અસર થતાં હોસ્પિટલમાં દાખલ કરાયેલા તમામ લોકોની તબિયત સુધારા પર છે. દવાની વધુ અસર થાય તે પહેલા જ તેઓની સારવાર શરૂ કરી દેવાઈ હતી. આ અંગે હોસ્પિટલના ડૉક્ટર પરેશ પાઘડાલે જણાવ્યું, હવે રત્ન કલાકારોની તપાસ કરીને હોસ્પિટલમાંથી રજા આપવાની કામગીરી હાથ ધરાશે.

## (બાઇટ: પરેશ પાઘડાલ)

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં ચાલી રહેલ હીટવેવમાં નાગરિકોને આગામી ત્રણ દિવસમાં ગરમીથી થોડી રાહત થશે તેવી આગાહી હવામાન વિભાગે જાહેર કરી છે. પવનની દિશા પશ્ચિમથી ઊતર પશ્ચિમની થતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર

થતા ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. જે મુજબ આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં 2 થી 4 ડીગ્રીનો ઘટાડો થશે.

આજે હિટવેવને પગલે રાજકોટ અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવેલ છે. જ્યારે મોરબી, બનાસકાંઠા અને સાબરકાંઠામાં યલો એલર્ટ જાહેર કરેલ છે. આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહતમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

છેલ્લા 24 કલાક દરમિયાન કંડલા ખાતે રાજ્યનું મહત્તમ તાપમાન 46 ડિગ્રી, જ્યારે રાજકોટમાં 45 ડિગ્રી સેલ્સીયસ તાપમાન નોંધાયું.

વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્મા..

(બાઇટ – PRADIP SHARMA -હવામાન વિભાગના વૈજ્ઞાનિક )

. . . . . . . . . . . . .

# TANKAARA COURT BUILDING INAUGRATION

મોરબીના ટંકારામાં આજે નવનિર્મિત ટંકારા તાલુકા કોર્ટ બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું. ગુજરાત હાઇકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ બિરેન વૈષ્ણવના હસ્તે થયેલ આ લોકર્પણ કાર્યક્રમમાં મોરબી જિલ્લાના ન્યાયાધીશ દિલીપ મહિડા સહિતના ન્યાયાધીશો તેમજ જિલ્લાના બાર એસોસિએશનના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી વૈષ્ણવે કોર્ટનું બિલ્ડીંગ મંદિરની જેમ સાચવવા માટે સભ્યોને અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# TRIPPLE ACCIDENT- ONE DEATH

પંચમહાલના ગોધરાના ગઢ પાસે થયેલ એક ટ્રીપલ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા દંપતિમાંથી મહિલાનું મૃત્યુ નીપજ્યું છે.

ગોધરા તાલુકાના રહેવાસી એક દંપતીની બાઇકને પાછળથી પૂરઝડપે આવેલા કારચાલકે ટક્કર મારતા દંપતી રોડ પર ફગોળાઈ પડ્યા હતા તેવામાં પાછળથી પૂરઝડપે આવેલા એસટી બસના ચાલકે અકસ્માતગ્રસ્ત કારને ટક્કર મારી હતી. ત્રિપલ અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ થયું હતું. સમગ્ર મામલે ગોધરા તાલુકા પોલીસે કાર અને બસના ચાલક સામે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . . .